મેઘરજ તાલુકાની સીસોદરા (અદાપુર) પ્રાથમિક શાળામાં શાળાના કાર્યાલય રૂમમાં શોર્ટ સર્કીટ થવાથી રૂમમાં પડેલી ચીજ વસ્તુઓ અને કિંમતી કાગળો બળી જવાથી ભારે નુકશાન પહોંચ્યું હતું. સોમવારે રાત્રીના સમયે અચાનક શાળામાં શોર્ટ સર્કિટ થવાથી શાળાના કાર્યાલયમાં રહેલ કોમ્પ્યુટર, પ્રીન્ટર, બેટરી, ફર્નિચર, પુસ્તકો તેમજ અન્ય ઈલેકટ્રીક લાઈન અને માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. કાર્યાલયમાં તિજોરીને પણ નુકશાન થતાં તેમાં રહેલા પુસ્તકો બળીને ખાખ થઈ ગયા હતા. કાર્યાલયની દિવાલો પણ ધુમાડાના લીધે કાળી પડી ગઈ હતી. મંગળવારે સવારે શાળાના આચાર્ય અને સ્ટાફને આ અંગે જાણ થતા શાળામાં દોડી આવ્યા હતા અને આ અંગે તેમણે તાલુકાની શિક્ષણ શાખામાં લેખિત જાણ કરી હતી. (તસવીર : મુકેશ ડામોર)

શ્યામનગરના વિશ્વકર્મા મંદિરમાં તસ્કરોનો હાથફેરો

દૂધ મંડળી સહિત અન્ય ચાર દુકાનોના તાળાં તુટ્યાં

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનગરમાં સોમવારની રાત્રે

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

વિશ્વકર્મા મંદિર સહીત અન્ય પાંચ દુકાનોના તાળાં તુટ્યાં હતાં, જ્યારે વિશ્વકર્મા મંદિરના ભંડાર તોડી રોકડ રકમની ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. આ અંગે મંદિરના પ્રમુખે ખેડબ્રહ્મા પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે.

શ્યામનગરમાં આવેલા વિશ્વકર્મા મંદિર ચામુંડા માતાજી મંદિર તથા શનિદેવના મંદિર આવેલા છે. સોમવારની મોડી રાત્રે અજાણ્યા ચોર ઈસમોએ વિશ્વકર્મા મંદિર ઉપર ત્રાટક્યા હતા અને મંદિરના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ભંડારનું તાળુ તોડી અંદરથી અંદાજે રૂ. એક હજાર જેટલી રોકડ રકમ સાથે શનિદેવ અને વિશ્વકર્મા મંદિરના બે તાળાં લઈ પલાયન થઈ ગયા હતા. શ્યામનગર દૂધ મંડળી તથા અન્ય ચાર દુકાનોનાં તાળાં તુટ્યાં હોવાનું લોકો જણાવી રહ્યા છે.

આ અંગે શ્રી વિશ્વકર્મા દેવસ્થાન સેવા સમિતિના પ્રમુખ પરસોત્તમદાસ નાથાલાલ સુથાર રે. હિંમતનગરે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પાઠ્ય પુસ્તક કૌભાંડનું પિલ્લુ વળી ગયું

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓને રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા ગત વર્ષે મફત પુસ્તકોનું વિતરણ કરવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને સોંપાઈ હતી. પરંતુ તે કામગીરી કરનાર કર્મચારીઓ અને અધિકારીઓની મીલીભગતને કારણે આ પુસ્તકો બારોબાર પગ કરી ગયા હતા. જેના કારણે વિદ્યાર્થીઓ પુસ્તકોથી વંચિત રહ્યા હતા. જે કૌભાંડનો પર્દાફાશ થયા બાદ તેમાં સામેલ ગણાતા ભરતભાઈ પંડિતને સસ્પેન્ડ કરાયા હતા. ત્યારબાદ હજુ સુધી તપાસનીશ અધિકારીઓ દ્વારા કોઈ ઠોંસ કાર્યવાહી કરાઈ નથી. જેથી શિક્ષક આલમમાં એવુ ચર્ચાઈ રહ્યુ છે કે સામ, દામ, દંડ અને ભેદની નીતિ અખત્યાર કરી તેનું પિલ્લુ વાળી દેવાયુ છે. જો આ કૌભાંડ પોલીસ ફરિયાદ થાય તો અનેક ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે.

ચિખલામાં વિજ કરંટથી યુવાનનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકામાં ચિખલા ગામે બુધવાર બપોરે વિજ કરંટથી એક યુવાનનું મોત નિપજયું હતું.

ખેડબ્રહ્મા તાલુકાના ચિખલા ગામના મુકેશભાઈ બાબુભાઈ મકવાણા ઉ.વ. ૨૫ ધાબા પર હતા બપોરે ૩.૩૦ વાગે ગાજવીજ સાથે વરસાદ ચાલુ થતા ઘર પાસેથી વિજ લાઈન પસાર થતી હોઈ તેમને વિજ કરંટે ખેંચી લેતા તેમનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. મૃતકને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ જયાં તેમનું પી.એમ. કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરના બહુમાળી ભવનમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગરના બહુમાળી ભવનના પાર્કીંગમાંથી સોમવારે ઓફીસ સમય દરમિયાન કોઈ ગઠિયો રૂા.૧૫ હજારની કિંમતની બાઈક ચોરી ભાગી જતા વાહન ચોરીના મામલે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

શહેરના મહાવીરનગર વિસ્તારમાં નર્મદા બંગ્લોઝમાં રહેતા બેચરભાઈ નરસિંહભાઈ પટેલે સોમવારે સવારે સાડા દસેકના સુમારે પોતાનું હીરો હોન્ડા બાઈક નં.જીજે.૯.એ.જે.૧૭૬૫ બહુમાળી ભવનના પાર્કીંગમાં પાર્ક કર્યુ હતું.

અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ

૨૪ કલાકની અંદર સરેરાશ ૧૫ મીમી વરસાદ નોંધાતા ભૂમિપુત્રોમાં આનંદ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં એક માસના લાંબા વિરામ પછી મેઘરાજાએ ધીમા પગલે પધરામણી કરી છે અરવલ્લી જિલ્લામાં સરેરાશ ૨૪ કલાકની અંદર ૧૫ એમએમ વરસાદ પડતા જગતના તાતના હૈયે પણ ટાઢક પ્રસરી હતી. જિલ્લામાં મેઘરાજાની પધરામણી થતા ભૂમિપુત્રોની મુરઝાતી મોલાતને જીવતદાન મળ્યું છે. જિલ્લાના પ્રજાજનોને અસહ્ય ઉકળાટ અને બફારામાં ત્રાહીમામ પોકારી ઉઠયા હતા અને ચાતક નજરે રાહ જોતા પ્રજાજનોને હૈયે થોડી ટાઢક વળી છે.

સમગ્ર ગુજરાત રાજય અને અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુમાં પ્રારંભે મેઘરાજાએ ધબધબાટી બોલાવી ધમાકેદાર એન્ટ્રી કરી હતી પણ મેહુલીયાએ જાણે રીસામણા કર્યા હોય તેમ લાંબા વિરામ પછી ૪૮ કલાકથી અરવલ્લી જિલ્લામાં આકાશ ગોરંભાયા હતા પરંતુ પાછલા ૨૪ કલાકમાં જિલ્લાના તમામ તાલુકામાં મેઘરાજાએ પધરામણી કરી હતી જેમાં કેટલાક વિસ્તારોમાં હળવા ઝાપટા તેમજ ભારે ઝાપટા પડતાં ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં અરવલ્લી જિલ્લામાં સરેરાશ ૧૫ મીમીથી વધુ વરસાદ પડતાં જિલ્લાના ખેડૂતોએ વાવણી કરેલા મકાઈ, મગ, કપાસ, તુવેર, મગફળી સહિતના અન્ય પાકોને જીવતદાન મળતાં ભૂમિપુત્રોમાં આનંદની લાગણી પ્રસરી છે. હવામાન ખાતાની આગાહી મુજબ હજુ સારો વરસાદ થવાની આગાહીના પગલે ભૂમિપુત્રોમાં હર્ષની લાગણી પ્રસરી છે. અરવલ્લી જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ માલપુર ૩૯ મીમી., મેઘરજ ૧૭ મીમી, બાયડ ૧૦ મીમી, મોડાસા ૯ મીમી, ભિલોડા ૮ મીમી અને સૌથી ઓછો ધનસુરા તાલુકામાં ૭ મીમી વરસાદ નોંધાયો છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં ગઈ કાલે સાંજથી શરૂ થયેલા વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ૪૮ કલાકથી અસહ્ય બાફ અને ઉકળાટ બાદ હળવા અને ભારે ઝાપટા પડતાં જિલ્લાના પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો જયારે આજે સવારે પણ વરસાદી ઝાપટા પડતાં જિલ્લામાં વાવેતર કરાયેલા ધાન્ય અને તેલીબીયાના પાકને ભરપૂર ફાયદો થયો હતો. જો કે હજુ પણ જિલ્લામાં આકાશ વાદળછાયુ અને ગોરંભાયુ હોવાથી વધુ વરસાદ પડવાની શકયતા ભૂમિપુત્રો દર્શાવી રહ્યા છે. જગતના તાત પર તણાયેલી ચિંતાની લકીર મેઘરાજાની પધરામણીથી ખુશીમાં પલટાઈ ગઈ છે.

બોગસ શિક્ષક ભરતી કૌભાંડ

બે કર્મચારીઓ સસ્પેન્ડ

પરોયા, ગુંદેલ અને નાના સેબલીયા અને ચોરીવાડની હાઈસ્કૂલમાં ૩૯ શિક્ષકોની બોગસ ભરતી કરાઈ હતી

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પરોયા, ગુંદેલ, નાના સેબલીયા અને ચોરીવાડ હાઈસ્કૂલમાં ૩૯ શિક્ષકોની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના અધિકારીઓની મીલીભગતને લઈને બોગસ ભરતી કરી કૌભાંડ આચરવામાં આવ્યુ હતું. જેનો પર્દાફાશ થયા બાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા અને શિક્ષકોને એન.ઓ.સી. આપનાર બે કલાર્કોને મંગળવારે શિક્ષણ કર્મિંરના સસ્પેન્ડના આદેશની બજવણી કરાતા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના પરોયા, ગુંદેલ, નાના સેબલીયા અને ચોરીવાડની હાઈસ્કૂલમાં તત્કાલિન જિલ્લા શિક્ષણાધિકારી જયોતિબેન સોલંકી તથા વિષ્ણુભાઈ.એમ.ચૌધરી સહિત અન્ય બે કર્મચારીઓની ધરપકડ કરી જેલ હવાલે કરાયા છે. દરમિયાન શિક્ષણ કમિશ્નર મુકેશકુમાર દ્વારા હિંમતનગરની શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા કલાર્ક એલ.ટી.પટેલ તથા હાલ અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા મુખ્ય કલાર્ક મુકેશકુમાર કટારાને ૩૯બોગસ શિક્ષકોની ભરતી કરવાના કૌભાંડમાં કરાયેલી તપાસ બાદ સામેલગીરી હોવાનું બહાર આવ્યુ હતું.

જે આધારે શિક્ષણ કમિશ્નર દ્વારા આ બંને કર્મચારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરીને સોમવારે તેમને સસ્પેન્ડ કરવાના આદેશ કરાયા હતા અને મંગળવારે સાંજે કમિશ્નર કચેરીના સ્ટાફ દ્વારા બજવણી કરાઈ હતી. જે અંગે શિક્ષણ કચેરીમાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓને ખબર પડતા સન્નાટો છવાઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે આચરાયેલા આ કૌભાંડમાં હજુ પણ કેટલાક વધુ કર્મચારીઓનો ભોગ લેવાય તેવી શકયતા નકારી શકાતી નથી.

જિલ્લા પંચાયત હસ્તકના ૨૨ તલાટીઓની બદલી

સાબરકાંઠા જિલ્લા પંચાયતની વિવિધ ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા ૨૨ તલાટીઓની વહીવટીય અનુકૂળતા તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા બદલીઓના આદેશ કરવામાં આવ્યો છે. ખેડબ્રહ્મા, તલોદ, વડાલી, વિજયનગર સહિત વિવિધ તાલુકાઓની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓની વહીવટીય અનુકૂળતા તથા માગણીવાળી જગ્યાઓને ધ્યાનમાં રાખી જિલ્લા વિકાસ અધિકારી એમ.નાગરાજન દ્વારા બદલીનો આદેશ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં ફરજ બજાવતા મોટા ભાગના તલાટીઓને એક કરતા વધુ ગ્રામ પંચાયતોની કામગીરી કરવામાં આવતી હોવાથી તલાટીઓ ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોમાં કામગીરી કરવાનું પસંદ કરે છે.

ભાજપા પ્રદેશ માલધારી સેલની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે આજે માલધારી સેલની પ્રદેશ બેઠક માલધારી સેલના કન્વીનર શ્રી અરજણભાઈ રબારીની અધ્યક્ષતામાં પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા અને વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડૉ. અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ ઉપસ્થિત કાર્યકર્તાઓને મહાસંપર્ક અભિયાન અને આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓ અંગે માહિતગાર કર્યા હતા.

વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડો. અનિલભાઈ પટેલે માલધારી સેલના સૌ કાર્યકર્તાઓ રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ સામાન્ય અને ગરીબ વર્ગને અપાવવા માટેના કાર્યક્રમોનું આયોજન કરવું અને માલધારી સમાજમાં ખાટલા બેઠકો, ગ્રુપ મીટીંગ તેમજ વિવિધ જિલ્લાના સંમેલનો દ્વારા આવનારી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓ જંગી બહુમતીથી જીતવા માટેના કાર્યક્રમો કરવા જણાવ્યું હતું.

શબ્દાવલી - ૫૭૯૬



આડી ચાવી

૧. ફોડવાનો દારૂ (૩)
૩. વગ, ઓળખાણ (૪)
૬. બટાકા-વટાણાની વાનગી (૩)
૮. ઘોડાનું પલાણ (૨)
૯. કવિતાની રચના કરનાર(૨)
૧૧. આવાહ્ન, પડકાર (૪)
૧૩. જેમ કામ સાથેનું સકામ તેમ તક સાથેનું.... (૩)
૧૬. કાગળ-કાપડ વગેરે કાપતા પડતો વધારાનો કચરો (૪)
૧૮. પક્ષી, પંખી (૨)
૧૯. સર્વ, તમામ, સઘળુ (૩)
૨૦. ભય, બીક (૨)
૨૧. વાર્તા, કહાણી, વૃત્તાંત(૨)
૨૨. ... ગાડી, રેલવે (૪)
૨૪. પિતા, એક ઘરેણું (૨)
૨૫. લાઇન (૧)

ઊભી ચાવી

૧. ખુબ તોફાની હોય તેવા છોકરાને તોફાની... કહેવાય (૪)
૨. છિદ્ર, કાણું, ઉંદરનું ઘર(૨)
૩. એક ગામનું નામ (૩)
૪. રાજાનો મંત્રી, પ્રધાન (૩)
૫. ધડધડ ગોળી છોળતી યાંત્રિક બંધુક(૨)
૭. માછળા પકડવાનો આંકડો, ગર (૨)
૧૦. વિતી ગયેલ દુઃખદ ઘટના(૫)
૧૨. નાળિયેરના છોડા કે રેસામાંથી બનાવેલ મજબૂત દોરી (૨)
૧૪. હિંસા, કાપાકાપી (૩)
૧૫. એક હિંસક જળચર (૩)
૧૭. કઠણ શબ્દ આડેઅવળો છે(૩)
૧૮. પથ્થરની શિલા, હાથનું ઘરેણું (૩)
૧૯. ગાડુ (૩)
૨૨. અડાય તેવું, સ્પૃશ્ય (૨)
૨૩. છરીને હિન્દીમાં... કહેવાય (૨)

શબ્દાવલી ૫૭૯૫ના જવાબ

આડી ચાવી :- (૧) પેપરવેટ (૫) હક્ક (૬) ટ્રોલી (૭) વાણોતર (૯) લત (૧૦) રફક (૧૩) પાપ (૧૪) પલીતો (૧૬) વૈતરીણી (૧૮) લડવૈયો (૨૨) પરોઢ (૨૩) ભરમાર

ઊભી ચાવી :- (૧) પેટ્રોલપંપ (૨) પલીત (૩) વેવાણ (૪) ટણો (૫) હરફ (૮) તરપત (૧૧) કરણી (૧૨) ચિતોડગઢ (૧૩) પાવૈયો (૧૫) લીલ (૧૭) રીત (૧૯) ચાંપ (૨૦) થોર (૨૧) કાળ

સન્માન સમારોહ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમારોહ આમ તો ઔપચારિક બની રહેશે તેવી અટકળો વચ્ચે તંત્ર દ્વારા આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

આ માટેના નિમંત્રણ કાર્ડનું પણ વિતરણ શરુ કરી દેવામાં આવ્યું છે. સંસદમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચુકેલા શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી વિજયભાઈ એચ. પટેલ, શ્રી જીવાભાઈ પટેલ, ડૉ. એ.કે. પટેલ તથા શ્રી હરિન પાઠકનું સન્માન કરવા ઉપરાંત જિલ્લા પંચાયતના ૯૮ પૂર્વ સભ્યોનું પણ સન્માન કરવામાં આવનાર છે.

આ સન્માન સમારોહમાં પૂર્વ વિધાયક રહી ચુકેલા ૧૭ મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૩ જેટલા વડીલો જેમણે શતાયુ પૂર્ણ કર્યા છે તેવા વડીલોનું સન્માન તેમજ બે સ્વાતંત્ર્ય સેનાનીઓનું પણ સન્માન કરાશે.

પંચાયત દ્વારા શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવનાર છે.

શતાયુ પૂર્ણ કરનાર વડીલોને મંચ સુધી જવામાં તકલીફ ન પડે તે માટે વ્હીલ ચેરની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુણ સુધારણા કાંડ : ૧૬૫ વિદ્યાર્થી સામે શંકાની સોય

૩૦ હજાર વિદ્યાર્થીની બે લાખ ઉત્તરવહી ચકાસાઈ : શંકાના ઘેરામાં રહેલા વિદ્યાર્થીઓને લઇને ભારે સસ્પેન્સ

અમદાવાદ, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટીના ગુણ સુધારણા કૌભાંડની તપાસ કરવા માટે રચાયેલ ત્રણ સભ્યોની કમિટિએ પોતાનો રિપોર્ટ મંગળવારે યુનિવર્સિટીને સુપરત કર્યો હતો. જેમાં આ કૌંભાડ સાથે સંકળાયેલા વધુ બે વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા છે. જો કે આ કમિટિએ કુલ ૩૦ હજાર વિદ્યાર્થીઓની બે લાખ જેટલી ઉત્તરવહીઓની ચકાસણી કરી હતી. જેપૈકી ૧૬૫ જેટલા વિદ્યાર્થીઓ સામે પણ શંકા વ્યક્ત કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાત યુનિવર્સિટીમાં આચરવામાં આવેલ ગુણ સુધારણા કૌભાંડની તપાસ દિવસને દિવસે વેગ પકડી રહી છે. આ કૌભાડની તપાસ માટે નિમાયેલ ત્રણ સભ્યોની કમિટીએ પોતાનો રિપોર્ટ મંગળવારે ગુજરાત યુનિવર્સિટીને સોપ્યો હતો. આ રિપોર્ટ તૈયાર કરવા માટે સમિતિ દ્વારા યુનિવર્સિટીની પરીક્ષા આપનાર ૩૦ હજાર વિદ્યાર્થીઓની બે લાખથી વધુ ઉત્તરવહીઓનું ક્રોસ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ સમિતિએ રિપોર્ટ તૈયાર કરીને ગુજરાત યુનિવર્સિટીને સુપરત કર્યો હતો. જેમાં આ કૌંભાડમાં વધુ બે વિદ્યાર્થીઓ સંકળાયેલ હોવાની સાથે સાથે ૧૬૫ વિદ્યાર્થીઓ સામે આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જો કે આ કૌંભાડ સામે આવ્યો ૧૫ દિવસથી વધુ દિવસ થયા હોવા છતાં યુનિવર્સિટી પોલીસ દ્વારા હજી સુધી કૌભાંડ સાથે સંકળાયેલ કોમ્પ્યુટર એજન્સી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કમિટીમાં કામર્સ સેમેસ્ટર-૬ની પરીક્ષાના ગુણ કૌભાંડમાં અગાઉ જે વિદ્યાર્થીઓના નામ બહાર આવ્યા તે વિદ્યાર્થીઓનું એજન્સી સાથે કનેકશન હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમ છતાં યુનિવર્સિટી પોલીસ દ્વારા માત્ર એજન્સીના સુપરવાઈઝરની જ પુછપરછ કરવામાં આવી છે. તે સિવાય કૌભાંડ સાથે શંકળાયેલા અન્ય લોકો સુધી પહોંચવામાં પોલીસ નિષ્ફળ રહી છે. ઉલ્લેખનીય છે કે, કોમર્સમાં ગુણ સુધારણા કૌભાંડ સામે આવ્યા બાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તપાસ માટે કોલેજ પ્રિન્સીપલ કક્ષાના ત્રણ અધીકારીઓની કમિટીની રચનાં કરવામાં આવી હતી. તેમજ કૌભાંડની તપાસની જવાબદારી આ કમિટીને સોપવામાં આવી હતી. કમિટીએ એપ્રિલ-૨૦૧૫માં લેવાયેલ બી કોમ સેમેસ્ટર-૬નાં કોમર્સના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું કોસચેકીંગ કરી પોતાનો રિપોર્ટ યુનિવર્સિટીને સોપ્યો છે.

પ્રથમ યોગી છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શીત નિંદ્રામાં જતા રહે છે. શિયાળાના ચાર મહિના પોતાના સ્થાનમાંથી ભાગ્યે જ બહાર નીકળે છે.

શિયાળાના આ ચાર માસ દરમ્યાન તેમના પોષણ માટે કુદરતે સુંદર વ્યવસ્થા કરી છે. ચોમાસાના ચાર મહિના દરમ્યાન વરસાદ સાથે જીવડાં અને કીટકોની સંખ્યામાં ખૂબ વધારો જોવા મળે છે. આ જીવડાં અને કીટકો શિયાળામાં શીત નિદ્રાંમાં જનારા તમામ જીવો જેવા કે સર્પો અને દેડકાં વગેરે માટેનો ખોરાક છે. અને ચોમાસાના ચાર મહિના દરમ્યાન સર્પો તથા દેડકાં જેટલું ખવાય તેટલું ખાઈપીને તગડાં બની જાય છે. અને પોતાના શરીરમાં વધારાની ચરબીનો સંગ્રહ કરી લે છે. જ્યારે શિયાળો આવે ત્યારે પોતાની છુપાવાની જગ્યામાં ખોરાક-પાણી વગર આ વધારાની ચરબીના પોષણના સહારે ચાર મહિના વિતાવી દે છે. આમ ચોમાસુ આવે એટલે શરૂ થાય છે સર્પોનો 'ફુડ ફેસ્ટિવલ.'

વધુ અચરજભરી વાત તો એ છે કે સર્પો પ્રાણાયામના નિષ્ણાંત હોય છે. તેઓ તેમની શીત નિંદ્રા દરમ્યાન તેમના હૃદયના ધબકારા ઘટાડી દેતા હોય છે. પોતાનું રૂધિરાભિષરણ સાવ ધીમુ પાડીને હૃદયના ધબકારા ઘટાડે છે જેથી શરીરની 'વાઈરલ પ્રોસેસ' માટે ખૂબ જ ઓછી ઉર્જાની જરૂર પડે અને ચોમાસા દરમ્યાન એકઠી કરેલી ચરબી સર્પના શરીરને આખા શિયાળા દરમ્યાન ટકી રહેવાનું બળ પુરૂ પાડે છે. આપણે જો ઋષિમુનિઓ-યોગીઓને વંદન કરીએ તો આ પ્રાણાયામના માસ્ટર એવા આ સર્પો તો પૃથ્વી પરના પ્રથમ યોગી છે તો સુસંસ્કૃત સમાજના સભ્યોની રૂએ તેમને જીવવાનો અધિકાર કેમ ના આપીએ ?

મકાનો બાંધશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ ૧ હજાર આવાસો બાંધવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. પરંતુ આવાસોની ડીમાન્ડને ધ્યાને લઈ વધુ મકાનો બાંધવા ગુડા દ્વારા નિર્ણય લેવાયો છે. જેમા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ૧ હજાર એલ આઈ જી તેમજ મધ્યમ વર્ગના પરિવારજનો માટે ૧ હજાર એમ આઈ જી કેટેગરીના મકાનો બનાવવા નિર્ણય લેવાયો છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર હજુ આવાસ યોજનાના નિર્માણને અનુલક્ષી સાઈડ નક્કી કરવામાં આવી નથી. પરંતુ ટુંકમાં જ સ્થળ પસંદગી કરી દેવામાં આવશે. જયારે ગુડાની પ્રથમ આવાસ યોજનાના લાભાર્થીઓને પણ શુભ લાભ આવાસ યોજનાના મકાનો ફાળવી દેવાશે. ગુડાની નવી આવાસ યોજનાના લીધે બાકી રહેતા અન્ય લાભાર્થીઓને પણ મકાન મળશે. આવાસ યોજનાની સાઈડ નક્કી કરવા ગુડા દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

ટચૂકડી જાહેર ખબર
જગ્યા ભાડે આપવાની છે
(શો-રૂમ, બેન્ક, ઓફિસ લાયક)
પ્રથમ માળ-૧૪૦૦ ફુટ, બીજો માળ-૧૩૦૦ ફુટ
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૩૮૬૦
વેચવાની છે
કોમર્શીયલ જમીન ૫૬ ફૂટ X ૧૬ ફૂટ. ૧ ચો.ફૂટના રૂ. ૭૦૦૦-૦૦, ગ્રાઉન્ડ ફ્લોરમાં બાંધકામ છે. પાંચ FSI મળી શકે. કાર પાર્કીંગની જગ્યા, સે. ૩૦ મેઈન શોપીંગમાં, જંત્રી ભાવ મુજબ દસ્તાવેજ કરી વેચાણ આપવાની છે.
ફોન : ૯૬૬૨૩૫૮૪૪૦

ટુકી મુદતની ઈ-ટેન્ડરીંગ નિવિદા નં.૨ સને ૨૦૧૫-૨૦૧૬
(ફક્ત વિજળી કરણના કામના ઠેકેદારો માટે)
ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીસ, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, 'બી' બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૬, ગાંધીનગર દ્વારા વિજળીકરણના કામ કુલ-૧ (એક) કામની અંદાજીત કિંમત રૂ. ૨,૪૦,૭૫૪.૦૦ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૭/૭/૨૦૧૫ ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.
માહિતી/૯૭૨/૨૦૧૫-૧૬

જાહેર નોટીસ
વ.શ્રી પી. કે. બરંડા
ભિલોડાના મે. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. ભિલોડા
ફો.પ.અ. નં. ૧૨૯/૧૫
અરજદાર : બરંડા રાજેશભાઈ બળવંતભાઈ
રહે. ભાણમેર, તા. ભીલોડા, જી. અરવલ્લી
વિરૂદ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, તલાટી કમ મંત્રીશ્રી ભાણમેર ગ્રામ પંચાયત, ભાણમેર, તા. ભિલોડા, જી. અરવલ્લી
અરજ : જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ
આથી વાગતા વળગતાઓને આ નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારની સૌથી નાની દિકરી નામે નેહલબેન રાજેશભાઈ બરંડા જન્મ તા. ૪-૧-૨૦૦૮ના રોજ ભાણમેર મુકામે થયેલ છે, પરંતુ તેમના જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે કરાવેલ નહીં હોવાથી જન્મની નોંધણી કરાવવા હાલની આ અરજી કરેલ હોઈ, આ અંગે કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો-વિરોધ હોય તો મુદત તા. ૨૯-૭-૨૦૧૫ સુધીમાં સવારના ૧૧-૦૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર થઈ લેખીતમાં વાંધો રજૂ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજીની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.
આજ તારીખ : ૨૦મી માહે, જુલાઈ, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.
મુસદો તૈયાર કરનાર
સહી/- (એચ. જે. કુંપાવત)
આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર
સહી/- (બી. પી. પટેલ)
આસીસ્ટન્ટ
કોર્ટનો સીક્કો
હુકમથી
સહી/-
(સી.પી. બારોટ)
રજીસ્ટ્રાર
પ્રિન્સિપાલ સીવીલ કોર્ટ
ભિલોડા